# સમર્પણમ્

- એ પરમપવિત્ર સૂરિપરંપરાને, જેઓએ તે તે કાળે શ્રીસંઘને મોટી મુંઝવણોમાંથી ખૂબ જ ચતુરાઇ સાથે ઉગારી લીધો...

- એ દાદાગુરુદેવ પ્રેમસૂરિજી મ. ને, જેઓએ સંઘના ઉત્થાન માટે અનેકાનેક શ્રમણરત્નોનું સર્જન કર્યું...

- એ પૂ. ગુરુદેવશ્રીને, જેઓએ જૈનસંઘના ચારેય ઘટકોના અંગતજીવનના પણ વિચિત્ર પ્રશ્નોનો ઉકેલ લાવી આપ્યો...

- એ વર્તમાન સૂરિવર્યોને, જેઓએ સંઘના પેચીદા પ્રશ્નોના નિવારણ માટે સખત મહેનત કરીને મહા-સંમેલન બોલાવ્યું...

- એ સંઘસભ્યોને જેઓ મહા-સંમેલનની સાચી સફળતા માટે પરમેશ્વરને પ્રાર્થના કરી રહ્યાં છે...

ગુણહંસ વિ.

॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

# ચતુર્વિધસંઘને મુંઝવતા
# પ્રશ્નો
# અને
# તેના સમાધાનો


:: લેખક ::

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના

વિનેય સ્વ. પૂજ્યપાદ યુગપ્રધાનાચાર્યસમ પં. પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી

મ. સાહેબના શિષ્ય મુ. ગુણહંસ વિ.



:: પ્રકાશક ::

કમલ પ્રકાશન ટ્રસ્ટ

❊ દિવ્યાશિષ ❊

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના

વિનેય સ્વ. પૂજ્યપાદ પં. પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબ

✦

❊ સંકલનકાર ❊

મુ. ગુણહંસ વિ.

✦

❊ પ્રકાશક ❊

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે,

ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭. ટેલિ. ૨૬૬૦૫૩૫૫

✦

પ્રથમ સંસ્કરણ ૨૦૦૦ (વિક્રમ સવંત કારતક પૂર્ણિમા ૨૦૭૨)

મૂલ્યઃ રૂ.૧૦/-

✦

**મુદ્રક**

**પાર્શ્વ ઓફસેટ – ક્રિએટિવ પ્રકાશન**

'વિક્રમ', એમ.જી. રોડ, વેરાવળ - ૩૬૨૨૬૫.

ફોન : ૦૨૮૭૬-૨૨૨૬૧૭

---

'વિનય', ૨/૫, જાગનાથ કોર્નર, નંદવાણા બ્રાહ્મણ બોર્ડીંગની પાસે,

ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧.

મો. ૯૪૨૬૯ ૭૨૬૦૯

# ચતુર્વિધસંઘને મુંઝવતા પ્રશ્નો અને તેના સમાધાનો

## *અંતરની વાત*

વિ.સં.૨૦૭૨ના ફાગણ વદ-૮ના દિવસથી શ્રી શત્રુંજય તીર્થાધિરાજમાં તીર્થપતિ આદિનાથ દાદાની છત્રછાયામાં મહાસંમેલન થવાનું છે. સેંકડો-હજારો સાધુ-સાધ્વીજીઓ ત્યાં ભેગા થશે. બધાના મનમાં એક માત્ર ભાવના હશે-છે કે "આપણા જૈનશાસનનું-જૈનસંઘનું વધુ ને વધુ ઉત્થાન થાય."

માટે જ તો આના માટે પૂજનીય આચાર્ય ભગવંતોથી માંડીને અનેકાનેક ઉત્તમ પુરુષોએ દોઢ-બે વર્ષ પહેલાથી આ માટેની સખત-સઘન મહેનત પણ ચાલુ કરી દીધી હતી. કેટલાય આચાર્ય ભગવંતો પોતાની શક્તિ કરતાં ય થોડું વધારે ખેંચીને મોટા મોટા વિહારો કરીને ત્યાં પધારવાના છે, આ એક અદ્‌ભુત કાર્ય થવા જઈ રહ્યું છે.

જો કે કેટલાકના મનમાં કેટલીક શંકાઓ - ભય ચાલ્યા જ કરતા હોય છે.

આ સંમેલન સફળ તો જશે ને ?

ધારો કે સફળ તો થાય, પરંતુ થયેલા નિર્ણયો યોગ્ય તો હશે ને ?

ધારો કે યોગ્ય નિર્ણયો લેવાય, પરંતુ એ નિર્ણયોનો અમલ તો થશે ને ?

ચોક્કસ, આવી શંકાઓ કે ભય શાસન પ્રત્યેના રાગથી જ જન્મ પામેલા છે, પણ એવું લાગે છે કે હતાશ થયા વિના positive thinking કરતા કરતા પુરુષાર્થ આચરતા રહેવું. कर्मण्येवाधिकारस्ते मा

फलेषु कदाचन આપણો અધિકાર પુરુષાર્થ કરવામાં છે, ફળમાં નથી. ફળ જે મળવાનું હોય, તે મળે... પણ જો આપણે એકદમ સાચા ભાવ સાથે એકદમ સાચો પુરુષાર્થ કરશું, તો આપણને તો ૧૦૦% ફળ મળવાનું જ.

જો કે આમાં પુરુષાર્થ તો મહાપુરુષોએ જ કરવાનો આવશે, છતાં આપણે બીજો ઘણો પુરુષાર્થ કરી શકીએ, તે આ પ્રમાણે...

(૧) મહાસંમેલન માટે બધે સારી વાતો કરીએ, બધાના મનમાં positive વિચારો ઉભા કરીએ.

(૨) Negative એકપણ વાત વિચારીએ પણ નહિ, બોલીએ પણ નહિ.

(૩) કોઈ Negative વાત કરે, તો આપણે એને સારી રીતે સમજાવીને અટકાવીએ.

(૪) મહાસંમેલનની સફળતા માટે રોજ પ્રભુને ખૂબ-ખૂબ-ખૂબ ભાવથી પ્રાર્થના કરીએ.

(૫) મહાસંમેલનની સફળતા માટે આપણી શક્તિ પ્રમાણે તપ કરીએ, એમાંય સંમેલનના દિવસો દરમ્યાન તો ખાસ આયંબિલાદિ તપ કરીએ.

(૬) એની સફળતા માટે વિશિષ્ટ પ્રકારનો જપ કરીએ, એ જપમાં સંકલ્પ મૂકીએ કે 'આ જપના પ્રભાવથી સંમેલનને સાચી સફળતા મળે.'

(૭) ગામ હોય, ત્યાં ઉકરડો હોવાનો જ... એમ શ્રીસંઘમાં કોઈક એવા પણ હોય કે જેમને આ સંમેલનની સફળતા ન ગમતી હોય... તો

એવાઓ માટે પણ છેવટે પ્રભુને પ્રાર્થના કરવી કે 'પ્રભુ ! તું સૌને સદ્બુદ્ધિ આપજે અને જો તેઓ સદ્બુદ્ધિ માટે લાયક ન હોય, તો છેવટે તું એટલું કરજે કે તેઓની દુર્ભાવનાઓ સફળ ન થાય.'

બસ,

આપણે આવા આવા પુરુષાર્થ ચોક્કસ કરી શકીએ.

મેં પણ એક પુરુષાર્થ આદર્યો છે, તે છે આ પુસ્તક લખવાનો.

મારા મનમાં ચતુર્વિધસંઘને મુંઝવતા જેટલા પ્રશ્નો છે અને એના સમાધાન પણ મને જે સુઝ્યા છે, એ એકવાર લખી તો નાંખુ. ક્યાંક કદાચ કોઈક સમાધાન કોઈપણ રીતે કામમાં આવી જાય, તો એનું મહાન પુણ્ય મને પણ મળે ને ? અને એવું કંઈ ન થાય, તો પણ નિશ્ચયથી તો મને મારી ભાવના પ્રમાણે ફળ મળવાનું જ છે ને !

આમાં જે સમાધાનો આપ્યા છે તેમાંથી

કેટલાક સમાધાનો એવા છે કે સીધી દષ્ટિએ કદાચ હાસ્યાસ્પદ અને અશક્ય પણ લાગે પણ એ સમાધાનો આદર્શ તરીકે તો કામમાં આવશે જ.

વળી જો એ સમાધાનો પ્રયોગરૂપે બે-પાંચ જગ્યાએ પણ અમલમાં મુકવામાં આવે, તો એનો લાભ જોઈને બીજી બધી જગ્યાએ ધીમે-ધીમે એનો પ્રચાર થઈ શકે.

કોઈપણ વસ્તુ એક ઝાટકે વ્યાપક નથી બનતી, એ માટે કાળ જોઈએ.

આવી બીજી પણ બાબતો છે, એ આગળ આગળ સ્પષ્ટ થતી જશે.

શ્રી સંઘને મારી નમ્ર વિનંતી કે આ પ્રશ્નો ઉપર અને એના સમાધાનો પર ખાસ ધ્યાન આપે. હા ! હું ખરેખર જેને પ્રશ્ન માનતો હોઉં, એ પ્રશ્ન પ્રશ્ન જ ન હોય, હું જેને સમાધાન માનતો હોઉં, એ ખરેખર સમાધાન જ ન હોય, કુસમાધાન હોય, અસમાધાન હોય... છેવટે તો હું પણ છદ્મસ્થ જ છું ને ! જો ન્યૂનદશપૂર્વધરોની પણ બોલવામાં ભૂલ થઈ હોય-થતી હોય-થવાની હોય, તો એના ટીપા જેટલા જ્ઞાનવાળા મારા જેવાની તો વાત જ શી કરવી ?

છતાં એક નમ્ર વિનંતી...

હું જેમ છદ્મસ્થ છું, તેમ અત્યારે બધા છદ્મસ્થ જ છે ને ? એટલે મારી ભૂલ જોવામાં એ છદ્મસ્થોની જ તો કોઈ ભૂલ નથી થતી ને ? એ પણ ખાસ સમજવું પડે ને? બસ, આટલું ધ્યાનમાં રાખીને પ્રશ્નો અને સમાધાનો ઉપર ચિંતન કરશો.

શ્રી વીતરાગ ભગવંતની આજ્ઞાવિરુદ્ધ કંઈપણ લખાય તો મિચ્છા મિ દુક્કડં.

**યુગપ્રધાનાચાર્યસમ પૂજ્યપાદ ગુરુદેવશ્રી ચન્દ્રશેખર વિજયજી**
**મ. સાહેબનો શિષ્ય મુનિ ગુણહંસ વિજય**
**વિ.સં.૨૦૭૧, આસો સુદ-૮,**
**સરદારબાગ શ્વેતાંબર**
**મૂર્તિપૂજક જૈનસંઘ વિરતિમંદીર આરાધના ભવન, બારડોલી**

## પ્રશ્ન:૧
# ધાર્મિક પ્રસંગોના રસોડાઓમાં જયણા કેટલી ?

શ્રી સંબોધસિત્તરિ ગ્રન્થમાં એક ગાથા છે

'जयणा य धम्मजणणी जयणा धम्मस्स पालणी चेव ।

तववुड्ढिकरी जयणा एगंतसुहावहा जयणा ।'

જયણા ધર્મની માતા છે, જયણા ધર્મની રક્ષક છે, જયણા તપની વૃદ્ધિ કરાવનાર છે, જયણા એકાંતે સુખ લાવનાર છે.

શ્રાવકોને જિનપૂજાદિ અનુષ્ઠાનોમાં સદારંભસ્વરૂપ હિંસાની છૂટ છે, છતાં એનો મતલબ એ નથી કે એમને અજયણાની પણ છૂટ આપવામાં આવી છે. એમણે નકામી-વગર ફોગટની હિંસાઓ તો ઉપયોગપૂર્વક અટકાવવાની જ છે.

અત્યારની પરિસ્થિતિ જોઈએ તો,

→ આંબિલ ખાતાઓમાં રોજ આંબિલ થાય, ઓળી દરમ્યાન સેંકડો આંબિલ થાય... એ બધાનું અનાજ વીણવાનું-બાફવા વગેરેનું કામ અજૈન નોકરિયાત બાઈઓ, રસોઈયાઓ કરે. તેઓને જીવદયા સાથે કેટલી નિસ્બત હોય ? એ સમજી શકાય છે.

→ પાલિતણાદિ તીર્થોમાં ચોમાસાઓ કરાવવામાં આવે, ત્યારે રોજનું ૨૦૦-૫૦૦-૧૦૦૦-૨૦૦૦ માણસ જમે એટલું મોટું રસોડું ચાલે. એમાં પાછી ૩૦-૪૦ આઈટમો તો ખરી જ.

→ છ'રીપાલિતસંઘના રસોડાઓમાં...

→ શ્રીસંઘમાં થતા તપસ્યાદિના રસોડાઓમાં...

→ શ્રીસંઘ સ્વામિવાત્સલ્યોના રસોડાઓમાં...

→ શિબિરાદિ વખતે રખાતા અલ્પાહાર-ભોજનાદિ ..ોડાઓમાં...

→ ઉપધાનમાં સેંકડો હજારો માણસોના રસોડાઓમાં...

**આવી બધી જ જગ્યાએ આજની પરિસ્થિતિ શું ?**

(૧) બધું કામ કેટરર્સને સોંપાય.

(૨) રસોઈયાઓ-બાઈઓ-ભાઈઓ બધા અજૈન-ધંધાદારી, જીવદયાની રૂચિ વિનાના...

(૩) મોટા રસોડા હોય, એટલે અને ઘણી બધી વસ્તુઓ હોય એટલે અને અમુક બજેટમાં પતાવવાનું હોવાથી ઓછા રસોઈયા-ઓછા માણસો દ્વારા કામ પૂરું કરાવવાનું હોય એટલે છેવટે વહેલી સવારે જ રસોડું ચાલું કરી દેવું પડે, નહિ તો સમયસર બધું તૈયાર ન થાય અને અંધારામાં લાઈટ ચાલુ કર્યા પછી પણ જીવદયા કેટલી પળાય, એ મોટો પ્રશ્ન જ છે ને ? ઉલટું લાઈટના કારણે ખેંચાતી જીવાતો ક્યાંક ખાદ્યવસ્તુઓમાં પડે એ વધારામાં...

(૪) ધંધાદારી કે નોકરિયાત માણસોને માત્ર કામ પૂરું કરવા સાથે નિસ્બત છે, જીવદયા સાથે નહિ... એટલે અનાજ વીણવામાં કે શાક સમારવામાં કે અભક્ષ્ય ન બનવા દેવામાં... તેઓ કોઈ વિશેષ કાળજી રાખવાના નથી જ. અરે, હવે તો શ્રાવકોને પણ એ બધી વાતની પડી નથી હોતી. કાં તો અજ્ઞાન અથવા છેવટે ઉપેક્ષા એ શ્રાવકોમાં ઘૂસી ગયેલા બે મોટા દોષો `

(૫) હવે રસોડાઓ ભોંયરામાં થવા માંડ્યા, ત્યાં દિવસે પણ

ઉજાસ ઓછો જ, એટલે પણ જીવોત્પત્તિ ખૂબ જ થવાની.

(૬) એ રસોડાઓ વ્યવસ્થિત સાફ ન થતા હોય, ચીકાશ કાયમી-ગંધ કાયમી... આ બધાના કારણે કીડી વગેરે જીવોના તો ઢગલે ઢગલા ઉભરાય અને જમણવાર પછી સાફ કરનારા માણસો ધડાધડ પાણીથી-સાબુના પાણીથી એ જીવોની હિંસામાં નિમિત્ત બનતા હોય તો કોઈ જ આશ્ચર્ય નથી.

(૭) જો ઉકાળેલું પાણી વપરાવવાનું હોય, તો એમાં પણ ઉપેક્ષાનું પ્રમાણ વધારે ! 'ત્રણ ઉભરા આવ્યા છે કે નહિ ?' એ કાળજી એ માણસો થોડા જ કરવાના ? કાં તો ઉકાળે જ નહિ, કાં તો અડધું-પડધું ઉકાળે... આવું સંભવિત બનવાનું જ.

**બનેલી સત્ય ઘટનાઓ :**

(૧) અમદાવાદમાં એક સંઘમાં વર્ષીતપના પારણા પ્રસંગે જમણવારમાં લગભગ સાત-આઠ હજાર માણસો જમનારા હતા. એમાં ઉકાળેલા પાણીની વ્યવસ્થા જે શ્રાવકને સોંપવામાં આવેલી, એમને રાત્રે જ વિચાર આવ્યો કે 'અહીંથી પાણી ઉકાળીને ત્યાં જમણવારના સ્થાને લઈ જવા કરતા ત્યાં જ જો પાણી ઉકાળવાની વ્યવસ્થા ગોઠવાઈ જાય, તો સરસ ! એટલે એ તરત રાત્રે દસેક વાગે જમણવારની જગ્યાએ પહોંચ્યા, ત્યાં જોયું તો મોટા મોટા તપેલાઓ મોટા-મોટા ગેસ ઉપર ઢાંકેલા પડેલા હતા. ગમે તે કારણે એમને શંકા ગઈ, એમણે છાની રીતે તપેલા ખોલ્યા, જોયું તો અંદર બધું શાક સમારેલું પાણીમાં પલાડેલું હતું.

એ આશ્ચર્ય પામ્યા, આગલા દિવસે શાક સમારો, તો એ તો

વાસી થાય, એમાં બેઈન્દ્રિયજીવોની ઉત્પત્તિ થાય, એમાં વળી પાણીમાં પલાળી દીધું એટલે તો વધારે ખરા ! કદાચ શાક સવારે જલ્દી સીઝી જાય, એ માટે જ આમ કર્યું હોય, સવારે ાત્ર મસાલો નાંખીને સીઝવવાનું જ બાકી રહે, પણ આમાં તો અસંખ્ય બેઈન્દ્રિયજીવોનો કચ્ચરઘાણ !

એમણે વ્યવસ્થાપક શ્રાવકોને વાત કરી, પણ તેઓએ ઉપેક્ષા જ કરી. 'આટલા બધા જમનારા હોય, તો આવું બધું તો ચલાવવું જ પડે.'

કોણ સમજાવે એમને ? કે આ જમણવાર કોઈ રીશેપ્સન કે લગ્નનો જમણવાર નથી, આ સંઘનું સ્વામિવાત્સલ્ય છે. આમાં આપણા 'શ્રાવક-શ્રાવિકાઓના અને વહોરનારા સાધુ-સાધ્વીજીઓના ોઢામાં બેઈન્દ્રિયજીવોના મડદાઓથી ભરચક ખોરાક જાય એ શી રીતે ચાલે ?'

પણ જેને વાહ-વાહ જોઈએ છે, જેને બહારના જોરદાર ભપકાઓથી અંજાઈ ગયેલા અને આ બધી અંદરની ગરબડોથી અજાણ લોકોની પ્રશંસા જોઈએ છે... તેઓને આ બધી હિંસા મંજુર છે. તેઓ આ બધામાં જાણે કે જીવહિંસા માનતા જ ન હોય, એવું આપણને લાગે. શ્રદ્ધાનો છાંટો પણ જોવા ન મળે.

(૨) અમદાવાદના જ એક સંઘમાં સાલગીરી નિમિત્તે અમે દસેક સાધુઓ રોકાયેલા. સાલગીરીની પૂર્વના દિવસે ઉપાશ્રયની બરાબર સામે જ ઉપર પતરાવાળી જગ્યાની નીચે ચૂરમાના લાડુ અને ફૂલવડી બનવાના ચાલુ થયા. અમે ટ્રસ્ટીઓને બોલાવ્યા, 'કેવી રીતે બનાવવાના છે ?' એ પુછતા ખબર પડી કે ચૂરમાના લાડુ બીજા દિવસે ચાલે એમ ન હતા અને ફૂલવડી તો અંદરના ભાગથી પોચી રહેતી હોવાથી એ પણ

બીજા દિવસે ચાલે તેમ ન હતી. વળી આ બધું બરાબર સૂર્યાસ્ત બાદ જ બનાવવાનું ચાલું કર્યું અને રાત્રે દસ-અગિયાર વાગે કામ પૂરું કર્યું.

અમે ત્યારે એ ભાઈને-પ્રમુખને એકદમ શાંતિથી ઘણું સમજાવ્યું કે ''ભાઈ ! આવું ન ચાલે. વળી આવતીકાલે સ્વામિવાત્સલ્ય છેક ૧૧.૩૦ પછી ચાલુ થવાનું હતું. તો આ બધું તો તમે આવતીકાલે સવારે પણ બનાવી શકો અને જો હમણા બનાવશો, તો અમે આમાંથી કશું જ વહોરી નહિ શકીએ.''

પેલા ભાઈ સ્વભાવથી શાંત હતા, એટલે ગમે તેમ તો ન બોલ્યા પણ એમણે શું જવાબ આપ્યો ? એ સાંભળો. એ કહે ''મ.સા. ! તમારી બધી વાત સાચી. પણ આમાં કશો ફેરફાર નહિ થઈ શકે. હવે આનું જે કંઈપણ પાપ લાગે, એ મારા માથે... બસ !''

અમે બીજી જ પળે એ વાત પડતી મૂકી. કેમ કે હવે જેટલું કહીએ, એટલું એમની નિષ્ઠુરતા વધુ પ્રગટ થવાથી એમને વધુ પાપ બંધાય.

(૩) એક સાધ્વીજી ભગવંતે અમને કહેલી વાત ! એકદમ પાકા પાયાની ! અમદાવાદના એક સંઘમાં આંબિલ ખાતામાં સાધ્વીજી ભગવંતને કેટલીક બાબતોની કેટલાક કારણોસર શંકા પડી. એમણે હોંશિયાર શ્રાવકો દ્વારા ચોક્કસ સમયે દરોડા પડાવ્યા. આપણને કલ્પના પણ ન આવે, એવી અંધાધૂંધી ત્યાં ચાલતી હતી.

ત્યાં આગલા દિવસે બનાવેલા બાજરીના રોટલા વધી પડેલા, એ ડબામાં રાખી મૂકેલા, એ જ બીજા દિવસે રસોઈયાઓ ગરમ કરીને આપી દેતા ! (રોટલાની કડક ખપોટી નહિ, રોટલા જ ! અને વાસી

રોટલા ન જ ચાલે... એ તો સ્પષ્ટ વાત છે.)

તથા નળમાંથી પીવાનું પાણી સીધું નાના નાના ઘડાઓમાં ભરીને આંબિલ કરનારાઓની જગ્યાએ મૂકી દેવામાં આવતું. એ પણ સવારે જ ભરીને મૂકી દે, આંબિલવાળાઓ અગિયાર વાગ્યા પછી આવે, તેઓ તો એવું જ માને ને કે ''સવારે ઉકાળીને, ઠારીને આ ઘડાઓ ભર્યા હશે.' વળી આ પાણી તો વધારે ઠંડુ લાગે, એટલે તપસ્વીઓ પ્રશંસા કરે... પેલા કામ કરનારાઓ મનમાં મલકાય કે 'બધાને કેવા છેતર્યા...'

આ બધું પકડાયું, એ બધાએ માફી માંગી, 'ફરીથી આવું નહિ કરીએ' એમ વચન તો આપ્યું, પણ આવા વચનનો ભરો.ો કેટલો ?

(૪) એક તીર્થસ્થાનમાં કોઈક રાજસ્થાની બહેન અંદર સ્ટોરરૂમમાં ઘૂસી ગયા, એમણે જોયું તો ત્યાં ગોળ ખુલ્લો પડેલો અને એના ઉપર મંકોડાઓ ચોંટેલા, મરેલા હતા. ચિક્કાર કીડીઓ ફરતી હતી. ગોળનો રવો ેડોક કપાયેલો હતો, એટલે કે એમાંથી જ ભોજનશાળામાં ગોળનો ઉપયોગ થતો હતો. એ બહેને તો ત્યાંના સ્ટાફને ધમકાવી નાંખ્યો. 'તમે આવા મરેલા મંકોડાવાળો ગોળ યાત્રિકોને ખવડાવો છો, શરમ નથી આવતી તમને?'

(૫) અમદાવાદના એક સંઘમાં ચારસો માણસની સવારની નવકારશી ! ત્યાં અનાજ વગેરેની સાફસુફીનું કામ શ્રાવિકાબહેનોને સોંપાયેલું હતું. તેઓ પહોંચ્યા, ત્યારે જ રસોઈઓ આમચૂર (આમળી જેવું)ને ગેસ પર બાફવા નાંખતો હતો. બહેનોએ બૂમ પાડીને અટકાવ્યો, 'અમારે જોવાનું બાકી છે' કહીને એમના હાથમાંથી આમચૂરવાળી પ્લાસ્ટિકની

કોથળી લઈ લીધી. પછી એને હલાવી હલાવીને એનો ભુકી જેવો ભાગ કોથળીમાં જ નીચે જમા કર્યો. પછી મોટી થાળીમાં બધી આમચૂર ખાલી કરી, અરે બાપરે ! સેંકડોની સંખ્યામાં જીવાતો ખદબદતી હતી. બહેનોએ આવીને અમને વાત કરી, બધી આમચૂર પરઠવી દીધી.

એ રસોઈ ચારસો જણ જમત, અનેક સાધુ-સાધ્વીઓ વહોર , આ બધાનું પાપ કેટલું ?

(૬) એ જ સંઘના આંબિલ ખાતામાંથી દાળિયાના ભૂક્કામાંથી, સૂંઠમાંથી લગભગ રોજ જીવાતો નીકળે, અમારા તપસ્વી સાધુ થાકી ગયા... એમણે એ લેવાનું બંધ કર્યું. પણ પ્રશ્ન એ થયો કે આ બધી જીવાતો આવે છે ક્યાંથી ? શોધખોળ કરતા ખબર પડી કે...

→ એ આંબિલનો હોલ કે રસોડું કે સ્ટોરરૂમ મહિનાઓથી-વર્ષોથી વ્યવસ્થિત સાફ થયા નથી.

→ ડબાઓ આખા ખાલી કરીને સાફ કરવામાં આવતા નથી. જૂનામાં નવું ભેગું થયા કરે, એટલે એની અસરના કારણે જીવો ઉત્પન્ન થાય.

(૭) સુરતમાં સ્થપાયેલ જયણા મંડળના બહેનોએ જ્યારે .1-તે રસોડામાં કામ કર્યું, અને એમાંથી ઈયળો નીકળી ત્યારે તેઓએ મોબાઈલમાં એનો વીડીઓ પાડી લીધો, આજે પણ કોઈને પણ જોવો હોય તો તેઓ બતાવવા તૈયાર છે.

(૮) શંખેશ્વર જેવા મહાતીર્થની મુખ્ય ભોજનશાળામાં ઉનાળામાં કેરીના રસને ઠંડો કરવા માટે એની ચારે બાજુ બરફ મુકવામાં આવેલો. ભલે અંદર ન નાંખવામાં આવેલો હોય, પણ આ રીતે પણ

બરફનો ઉપયોગ ઉચિત તો નહિ જ ને ?

(૯) એક મહાતીર્થમાં અમે ભોજનશાળામાંથી મોતીચૂર લાવ્યા, ઉપાશ્રયમાં આવ્યા બાદ ધ્યાનથી જોતા ખ્યાલ આવ્યો કે એની અંદર તો ફૂગ છે, એટલે કે અનંતકાયની ઉત્પત્તિ થઈ ગઈ છે. અમે તરત ભોજનશાળામાં જઈને સૂચના આપી કે 'મોતીચૂરમાં ફૂગ થયેલી છે, એ કોઈને આપતા નહિ.' એમનો જવાબ સ્પષ્ટ હતો કે 'મ.સા. ! મોટા પતરાઓ, મોટી ચોકીઓ, ભરી ભરીને મોતીચૂર પડ્યો છે. એ બધો નાંખી દેવો શક્ય નથી... વપરાશ કરવો પડશે...'

બોલો, કદાચ પાંચ-દસ-વીસ હજારનો એ મોતીચૂર હશે, પણ એની સામે અનંતકાય સ્વરૂપ નિગોદની કિંમત કેટલી ? અને અનંતકાયની-કાંદા-બટાકાદિની બાધાવાળા જૈનોને આ ફૂગ ખાવા માટે આપવી એ શું ઉચિત છે ખરું ? એ લોકોને ફૂગનો ખ્યાલ ન પણ આવે, અજ્ઞાની છે, પણ આપણને તો ખ્યાલ આવી ગયો છે ને, તો એમને સાચી વાત ન કરવી એ એમના વિશ્વાસનો ઘાત નથી ?

(૧૦) શ્રાવિકા બહેનો કહેતા હતા કે 'મ.સા. ! અમારા ઘરે પણ અમારે જો ભીંડાનું શાક બનાવવું હોય, તો ખૂબ જ કાળજી રાખવી પડે. આમ અમે ટી.વી. જોતા જોતા શાક ફોલતા-સમારતા હોઈએ છીએ, પણ ભીંડામાં એવું નથી કરતા. એમાં કાળા રંગની જીવાતો ખૂબ હોય, ભીંડા સમારવા જતા એ જીવાતો જ કપાઈ જાય છે.'

'અને મ.સા. ! અમને તો એવું લાગે છે કે વટાણા-તુવેર, પાપડી વગેરે દાણાવાળા શાક મોટા જમણવારમાં તો ન જ ચાલે,

કારણ કે એમાં જયણા સચવાય એવી શક્યતા ઘણી ઓછી છે.'

ઘરમાં બે-પાંચ જણની રસોઈ કરનારા અને માટે જ ૨૫૦/૫૦૦ ગ્રામનું જ છોલવા-સમારવાનું કામ કરનારા, જયણા સમજનારા શ્રાવિકાબહેનોનો આવો અભિપ્રાય હોય, તો ૫૦-૨૦૦-૫૦૦-૧૦૦૦ માણસોના રસોડાઓમાં રસોઈ કરનાર બાઈઓ-ભાઈઓ શું સાચવણી કરશે ? શું જયણા કરતા હશે ? એ એક સૌથી મોટો પ્રશ્ન જ છે ને !

(૧૧) રસોઈયાઓ વગેરેને પણ હવે જવાબો આપતા આવડી ગયા છે, સંયમીઓ પુછપરછ કરે, તો કેટલું જૂઠ બોલવું એ બાબતમાં તેઓ હોંશિયાર બની ગયા છે, સંયમીઓ એમ જ માની લે કે 'બધું ચાલે એવું છે' પણ એવું હોય નહિ. દા.ત. ત્રણ તારની ચાસણી. હવે દરેક જગ્યાએ રસોઈયાઓ જવાબ આપે છે કે 'ત્રણ તારની છે' પણ હકિકતમાં એ હોતી નથી. એક તીર્થમાં અમારે રસોઈયાનો સારો પરિચય થયેલો. ત્યાં ભાથાખાતામાં લાડવા આપવામાં આવતા, એ બનાવવાનું કામ એનું... એને પૂછ્યું, ત્યારે એટલા બધા દૃઢ આત્મવિશ્વાસ સાથે એ બોલ્યો કે મેં માની જ લીધું કે 'અહીં તો ત્રણ તારની ચાસણી થતી જ હશે.' છતાં એક દિવસ અમે એની ચાસણી જોવા ગયા, એ દર વખતે જેવી ચાસણી બનાવતો, એ બની ગયા બાદ અમે એ ચાસણી ચકાસી, તો બે તાર પણ માંડ થયા... સાર એટલો જ કે આવી કાળજીઓ હવે ક્યાં થતી હશે ? એ પ્રશ્ન છે. હા ! ચાસણીવાળી વાત માનવાની જ ન હોય, બે-એક તારની ચાસણી ચાલતી હોય, તો અલગ વસ્તુ છે. નહિ તો તો બીજા દિવસથી બધા યાત્રિકોને અભક્ષ્ય ખવડાવવાનો દોષ લાગે.

(૧૨) અમદાવાદમાં એક મોટા પ્રસંગમાં પાંચ દિવસના

મહોત્સવમાં પદવીઓ + પ્રતિષ્ઠા + દીક્ષા જેવા ઉત્તમ પ્રસંગો હતા. રોજ ૫૦૦-૧૦૦૦-૧૫૦૦ માણસો જમનારા ! ચોથા દિવસે ખબર પડી કે ત્યાં જમણવારમાં બધાને પીવડાવવાનું પાણી બહારથી લાવવામાં આવતું. એ મોટા જગના નળમાં ગળણા બાંધેલા જ ન હતા.

ફરી યાદ કરી લો...

ઉપધાનો ં - તપના રસોડાઓમાં - 'રી પાલિત સંઘોમાં - શિબિરોના અલ્પાહારાદિમાં - આંબિલ ખાતાઓમાં - વ્યક્તિગત પૂજન-તપ વગેરેના રસોડાઓમાં - તીર્થોની ભોજનશાળાઓ આવી દરેકે દરેક જગ્યાએ પ્રાયઃ આ પ્રશ્ન ઉભો જ છે. હા ! માંડ બે-પાંચ ટકા સ્થાનો એવા હશે, જેમાં કાળજી થતી હોય, વ્યવસ્થિત કાળજી થતી હોય.

આપણે એ વાત તો સમજીએ જ છીએ કે ગમે એટલી કાળજી કરવા છતાં પણ અમુક પ્રકારની હિંસાઓ-વિરાધનાઓ થવાની જ, ૧૦૦% જયણા શક્ય નથી. પરંતુ શક્ય એટલો પ્રયત્ન તો કરવો જ જોઈએ ને ? એ કરવો જ નહિ, અજયણાની ઉપેક્ષા કરવી એ શી રીતે ચાલી શકે ?

ફરી ધ્યાનમાં લો, આ કોઈ સાંસારિક પ્રસંગ નથી, આ ધાર્મિક પ્રસંગ છે, એમાં જયણા માટેનો પ્રયત્ન થવો જ જોઈએ.

વળી શ્રાવકો સંસારમાં હોવાથી એમને હિંસાદિ દોષો તો લાગવાના જ, પણ ત્રસજીવોની-નિરપરાધી ત્રસજીવોની હિંસાનો ત્યાગ તો શક્તિ પ્રમાણે કરવો જ જોઈએ. એ પ્રત્યે જો શ્રાવકો ઉપેક્ષાવાળા બને તો મહાન દોષના ભાગીદાર બને.

માંસત્યાગી જૈનસંઘ આ રીતે પરોક્ષ રીતે બેઈન્દ્રિયના માંસનો

ભક્ષક બની રહ્યો છે.

ક્યાંક તો નીકળ્યા છે દાળમાં કોકમને બદલે વાંદા...

ક્યાંક તો નીકળ્યા છે કેરીના રસમાં કોપરાની છાલ જેવા લાગતા ઈયળના જીવો...

ક્યાંક તો નીકળ્યા છે નાના નાના ધનેડા જેવા જીવો સુંઠ વગેરેમાંથી...

શું આ બધું ચલાવી લેવું છે ? બીજા બધા પ્રશ્નોની જેમ આ પ્રશ્ન પણ એટલો જ ગંભીર નથી શું ? શું એટલા માટે આની ઉપેક્ષા કરવામાં આવે છે ? કે 'આ પ્રશ્નનું સમાધાન સ્પષ્ટ દેખાતું ન હોવાથી જો આ પ્રશ્નને વધારે મહત્ત્વ આપવામાં આવે તો અનુષ્ઠાનો બંધ કરવા પડે કે ઘટાડવા પડે, અને તો પછી જાહોજલાલી ઘટે...' ''મહારાજ પ્રભાવક છે, જબરદસ્ત તપ-શિબિર-અનુષ્ઠાનો કરાવે છે...'' વગેરે પ્રશંસાના શબ્દો પછી સાંભળવા ન મળે...

ના, ના આપણા સંયમીઓમાં આવી મેલી વૃત્તિ ન હોય, એટલે એમ જ લાગે છે કે આ બાબતનું અજ્ઞાન જ આ પ્રશ્નના નિરાકરણ માટે સક્રિય પ્રયત્ન કરવા દેતું નથી.

*

## સમાધાન
## સંઘે-સંઘે બહેનોના જયણામંડળની સ્થાપના

સરળ અને પ્રેક્ટીકલ ઉપાય છે, જયણામંડળની સ્થાપના ! અત્યાર સુધી દરેક સંઘોમાં પૂજામંડળ-સ્નાત્રમંડળ-મહિલામંડળ વગેરે મંડળો સ્થપાયા છે, એ બધા જ સારું કામ કરે છે, પણ આ બધું કામ ચોથા ગુણઠાણાનું છે. એના કરતાં પણ વિરતિનું = જયણાનું કાર્ય ઉંચી કોટિનું છે. જયણા = જીવદયા એ તો જૈનશાસનનું મૂળભૂત તત્ત્વ છે. એટલે હવે જો સાધુ-સાધ્વીજીઓ સંઘે સંઘે આવા મંડળોની સ્થાપના કરે, તો આ પ્રશ્નનું ઘણું સારું સમાધાન આવી શકે એમ છે.

આમાં નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

(૧) સ્થાનિક સંઘના બહેનોને જયણાનો મહિમા સમજાવવો, એના ફાયદા બતાવવા અને ઉપર દર્શાવેલા બધા પ્રસંગો પણ કહેવા.

(૨) સંઘમાં રોજે રોજનું રસોડું તો હોતું નથી. હા ! જ્યાં આંબિલખાતું હોય, ત્યાં રોજેરોજનું રસોડું કહેવાય. એમાં ય જે સંઘોમાં દસ-વીસ આંબિલો થતા હોય, સંયમીઓ પણ વહોરવા આવતા હોય, તે આંબિલ ખાતું ધમધમતું કહેવાય, ત્યાં રોજેરોજ જયણાની આવશ્યકતા રહે.

(૩) આવી જગ્યાએ કાયમી જયણામંડળ સ્થાપવું પડે એની પદ્ધતિ આ પ્રમાણે -

→ કુલ ૯૦ બહેનો જોઈએ.

→ 3-3 શ્રાવિકા બહેનોનું એક-એક ગ્રુપ સ્થાપવું.

→ એ દરેક ગ્રુપને મહિનાની ૧-૧ તારીખ નક્કી કરી આપવી.

→ એ દરેક ગ્રુપે પોતાને અપાયેલી તારીખે સવારે આંબિલખાતામાં આવીને સવારે એ દિવસ પૂરતું જરૂરી અનાજ વગેરે વીણી લઈ-તપાસી લઈને જતા રહેવું. બીજું કામ રસોઈ બનાવનાર કરશે.

→ આમ એક ગ્રુપે મહિનામાં ૧ જ વાર ભોગ આપવાનો આવે, એ એમને આકરો ન લાગે.

→ એમાં પણ ૩ બહેનોનું ગ્રુપ હોય, એટલે કામ ઘણું વહેંચાઈ જાય. કદાચ અડધો કલાકમાં જ એ બધું કામ થઈ શકે.

→ ધારો કે કોઈપણ બહેનને પોતાની તારીખે આવવાનું ન ફાવે, તો એમણે એ દિવસે પોતાની જગ્યાએ બીજા કોઈપણ બહેનને મોકલી આપવા. એ જવાબદારી એમની... એટલે ત્રણની સંખ્યા જળવાઈ રહે. એમ.સી., બહારગામ જવાનું, માંદગી, ઘરે કોઈ મોટું કામ... આવા આવા કોઈક કારણોસર ગેરહાજરીની શક્યતા રહે.

→ કદાચ એ બહેન ન જ આવે અને કોઈને મોકલી પણ ન શકે, તો પણ બીજા બે બહેનો તો છે જ ને ! મહિનામાં ૧ જ દિવસ આ કામ કરવાનું હોવાથી એમને ભાર ન લાગે.

→ આઠમ-ચૌદશના આંબિલ વધારે હોય છે, તો એવું પણ કરી શકાય કે બીજા દિવસોમાં બે-બે બહેનો અને મુખ્ય તિથિઓ બહેનોની સંખ્યા વધારી દેવાની. દા.ત. કોઈપણ પાંચ દિવસમાં બે-બે ની સંખ્યા રાખીને પાંચ તિથિઓમાં ચાર-ચારની સંખ્યા કરી દેવાય.

→ ધારો કે ૯૦ની સંખ્યા ન થાય, તો ૪૫ કરવા અને દરેક

ગ્રુપને મહિનામાં બે-બે દિવસ સોંપવા. આ પણ અઘરું નહિ જ પડે. દર રવિવારે સામાયિક, દર રવિવારે સ્નાત્ર... વગેરેની જેમ દર પંદર દિવસે આ એક કામ કરવામાં પ્રાયઃ કોઈને પણ કશી અડચણ નહિ આવે.

→ શ્રીસંઘ ઉદારતા રાખે અને ૧૦-૨૦-૫૦ રૂા. ની પ્રભાવના રાખે, તો મહિને ૯૦ બહેનો × ૧૦/૨૦/૫૦... ૯૦૦/૧૮૦૦/૪૫૦૦ રૂા. નો ખર્ચ થાય. આવું ઉત્તમ કામ કરનારનું બહુમાન કરવું જ જોઈએ.

→ દરેક સંઘમાં અમુક ઘરો સાધારણ કે મધ્યમ કક્ષાના હોય જ છે, એટલે આંબિલની રસોઈ બનાવવા માટે જૈનેતરોને બોલાવવા કરતા આવા જૈન બહેનોને થોડાક વધારે પગારે પણ રાખી લેવામાં આવે, તો એ શ્રેષ્ઠ કામ થાય. એક આખો સાધર્મિક પરિવાર સચવાઈ જાય. બહેન જૈન હોય, એટલે સાધુ-સાધ્વીજીઓને વહોરાવવા આદિ કાર્યોમાં ખૂબ સારા કેળવાયેલા હોય, જયણાની બાબતોના પણ જાણકાર હોય, ન હોય તો ય એમને એ બધું શીખવાડી શકાય અને એ રસથી શીખી પણ લે.

→ મુખ્યત્વે અમદાવાદ - સુરત - મુંબઈ - પાલિતાણા જેવા મોટા શહેરોમાં અને એમાં પણ અમુક અમુક સંઘોમાં આ આંબિલખાતાઓ વ્યવસ્થિત ધમધમતા હોય છે. બાકીના શહેરોમાં - સંઘોમાં કાં તો આંબિલખાતા ચાલતા જ નથી અને ચાલે છે તો પાંચ તિથિ ! અથવા તો રોજે રોજ ચાલે, તો ય આંબિલ ૧-૨-૫-૧૦... ચાલુ દિવસોમાં માત્ર આટલા જ ! એટલે એની વ્યવસ્થા ઉપર મુજબ

ગોઠવવી અઘરી તો નથી જ. ઓપેરા-દશાપોરવાડ-સાબરમતી... અઠવાલાઈન્સ-ઉમરા-ગોપીપુરા-કૈલાસનગર-અઠવાગેટ... જેવા આંબિલખાતાઓમાં બહેનોની મોટી સંખ્યા જોઈએ, અને ત્યાં સંઘ જ ઘણો મોટો હોવાથી એ કામ શક્ય છે જ.

→ ચૈત્રી-આસો ઓળીમાં બધા સંઘોમાં પુષ્કળ આંબિલો થવાના, એટલે તે દિવસોમાં રોજેરોજ જયણા માટે પંદર-વીસ બહેનોની જરૂર પડવાની. તો એ પણ અઘરું નથી. કારણ કે જે ૯૦ જેટલા બહેનો ભોગ આપે છે, તેઓ ૯ દિવસ માટે તો ઉલ્લાસ ધરાવે જ. ઉપરાંત ૯ દિવસ માટે બીજા બધા બહેનોને પ્રેરણા કરવામાં આવે ને, તો ૯ દિવસ માટે તો તેઓ પણ ચોક્કસ તૈયારી બતાવે. આ કામ સાધુ-સાધ્વીજીઓ કરી શકે.

→ આ જમાનો એડનો છે, પ્રોપેગેન્ડાનો છે. જો શ્રાવિકાઓ આ વસ્તુ પર ભાર મુકવામાં આવે, જો શ્રાવિકાઓને આ જયણાનો મહિમા સમજાવવામાં આવે, તો તેઓ ચોક્કસ અત્યંત ઉત્સાહ સાથે આ કાર્યમાં ભાગ લે જ.

આ બધા '→' વાળા મુદ્દાઓ આંબિલખાતા માટે આપણે વિચાર્યા.

(૪) સંઘસ્વામિવાત્સલ્ય-તપના રસોડા... આ બધા માટે જે જયણામંડળ જોઈએ, એ જરાક અલગ પ્રકારનું ! એમાં રોજેરોજની જરૂર નથી, પણ જ્યારે જરૂર છે ત્યારે મોટા પાયે જરૂર છે... દા.ત. સ્વામિવાત્સલ્ય આખા વર્ષમાં પાંચ-દસ થતા હોય, તો આખા વર્ષમાં માત્ર એટલા જ દિવસ જરૂર પડે અને એ પાંચ-દસ દિવસ એક સાથે

૧૫-૨૦-૩૦ બહેનોની જરૂર પડે. સંઘ જેટલો મોટો, સંખ્યા જેટલી વધારે એટલી જયણાકારક બહેનો વધારે જ જોઈશે.

એટલે આવા કાર્યો માટેનું જયણામંડળ અલગ સ્થાપવું. એમાં ૧૦૦ જેટલી સંખ્યા થાય, તો પણ ખોટું નથી. કામ આવે, ત્યારે જેટલાની જરૂર હોય, એટલાને જ બોલાવવાના...

(૫) આંબિલખાતાના જયણામંડળમાં જોડાયેલા બહેનો પણ આ મીઠા રસોડાના જયણામંડળમાં જોડાઈ શકે છે, એમાં કોઈ વાંધો નથી.

(૬) મીઠા રસોડામાં આઈટમોની સંખ્યા વધારે ન રાખવી. વસ્તુઓની સંખ્યા જેટલી વધારે, એટલી વ્યવસ્થા કરવાની વધે, એટલે મુશ્કેલીઓ પણ વધે. સ્વામિવાત્સલ્યમાં ૧૫-૨૦ આઈટમ રાખો, એટલે દરેક વસ્તુ માટેની જયણાઓ સાચવવાની આવે જ ને !

અત્યારે પ્રાયઃ દરેક સ્વામિવાત્સલ્યમાં ૧ ઘન મીઠાઈ + ૧ પ્રવાહી મીઠાઈ + ૧ તળેલું ફરસાણ + ૧ બાફેલું ફરસાણ + ૧ લીલું શાક + ૧ સૂકું શાક... આવું બધું રાખવાની માન્યતા દૃઢ થઈ ગઈ છે. ભલે, પણ આ રીતે ય આ છ વસ્તુ + પુરી + દાળ + ભાત... તો ૯ વસ્તુમાં બધું જ પતી જાય છે. પછી કડક બનીને નિર્ણય લેવો કે આ નવથી વધારે તો નહિ જ.

અમે ૨૦ વર્ષ પહેલાના સ્વામિવાત્સલ્યો જોયા છે, પુરી મગ + સેવ + મગજ... બસ, માત્ર આ ચાર વસ્તુથી ગોપીપુરાના દશ હજાર જેટલા જૈનોનું સ્વામિવાત્સલ્ય થતું. પણ માત્ર ચાર જ વસ્તુ હોય, એટલે જયણા પૂરી સાચવી શકાય. સેવ + મગજ તો બે પાંચ-

દસ દિવસથી થોડા-થોડા બનાવી રાખે, તો ય વાંધો નહિ, એ તો કાળ પ્રમાણે ૧૫ દિવસ ઓછામાં ઓછા ચાલે. એટલે ત્યાં સ્વામિવાત્સલ્યના દિવસે માત્ર પુરી + મગ આ બે જ વસ્તુ બનાવવાની રહેતી અને ૧૦ હજાર જૈનો મસ્તીથી સ્વામિવાત્સલ્યનો લાભ લેતા. કોઈ ફરિયાદ ન હતી કે 'વસ્તુ આટલી જ કેમ ? દાળ-ભાત કેમ નહિ ?'

આપણે હાથે કરીને કુટેવ પાડીએ, એ ખોટું.

વળી વધારે આઈટમો વપરાવવામાં સ્વામિવાત્સલ્યનો જેટલો ભાવ છે, એના કરતા પણ 'અમે જોરદાર ભક્તિ કરી, પુષ્કળ આઈટમો ખવડાવી,' એવો અહંકારનો, દેખાડો કરવાનો ભાવ વધારે હોય... એવું શું નથી લાગતું ?

ગયા ચોમાસામાં શ્રી લક્ષ્મીવર્ધક સંઘમાં પર્યુષણ ાં ૭ દિવસ ાત્ર બે જ દ્રવ્યના એકાસણા કરાવવામાં આવ્યા, સવા સો આરાધકો જોડાયા.

બારડોલીમાં આ જ રીતે ચાર દ્રવ્યના એકાસણા કરાવવામાં આવ્યા, ૧૪૦ આરાધકો ૭૦૦ માણસના સંઘમાંથી જોડાયા.

શરૂઆતમાં બધા ગભરાતા હતા કે 'આટલા ઓછા દ્રવ્યમાં ન ફાવે.' પણ બે દિવસ બાદ બધા જ બોલતા થયા કે 'આ જ બરાબર છે, ઓછા દ્રવ્યમાં એકદમ શાંતિથી વાપરી શકાય છે...'

'સંખ્યા ઘટાડો' આ વાત બરાબર ધ્યાનમાં લો.

હા ! વસ્તુ સાવ સામાન્ય ખવડાવવાની વાત નથી. તમારે ઉત્તમોત્તમ ભક્તિ કરવી છે, તો ઘારી-ઘેબર જેવી મોંઘી મીઠાઈઓ ભલે ને વપરાવો, પણ એ એક જ મીઠાઈ... કે વધુમાં વધુ બે ! બસ...

પણ ચાર-પાંચ મીઠાઈઓ... ચાર-પાંચ ફરસાણો... ચારેક શાક... આ બધો હવે અતિરેક લાગે છે. મુખ્યત્વે જયણા નથી સચવાતી એ માટે તો ખાસ !

હા! તમે જો બરાબર જયણા સાચવી શકતા હોય, તો ભલે પછી તમે તમારી ભાવના અને શક્તિ પ્રમાણે કરો...

પણ તમે અનુભવ કરજો, જો ઓછી સંખ્યા ાં આઈટમો હશે, તો બગાડ થવાનો પ્રશ્ન લગભગ નહિ આવે. એમાં 'કેટલો વપરાશ થશે.' એનો અંદાજ આવી જ જાય. પણ દ્રવ્યો વધારે હોય, તો 'કોણ શું ખાશે ? કેટલું ખાશે ?' એ કશી ખબર જ ન પડે. એટલે અમુક દ્રવ્ય સાવ ઘટે, અમુક દ્રવ્ય સાવ વધે... આવું બધું પણ

(૭) જેમાં જીવોત્પત્તિની સંભાવના હોય, એવા દાણાવાળા શાક બનાવવા જ નહિ. ભલે, લોકોને એ શાક ભાવતા હોય, પણ સ્વામિવાત્સલ્યમાં જીવદયા પણ આપણા માટે અત્યંત અગત્યની છે, માત્ર 'લોકોની પસંદ' ન જોવાય.

કાલિંગડા-તીણસા-દૂધી-તુરીયા-કારેલા-કેળા-કાકડી... આ બધા શાક પ્રાયઃ એવા છે કે એમાં પ્રાયઃ જીવવિરાધનાની સંભાવના વટાણા-તુવેર-આદિ કરતા ઘણી ઓછી... તો પછી એવા જ શાક બનાવવા.

હમણા જ ઉમરાસંઘનો અનુભવ... તેઓને ડર હતો કે આ દૂધી જેવા શાક લોકો નહિ વાપરે... પણ અનુભવ એવો થયો કે લોકોએ એ જ શાક હોંશે હોંશે વાપર્યું... અને એની નોંધ લઈને કાર્યકરોએ કહેવું પડ્યું કે 'અમારી ધારણા ખોટી પડી.'

વળી દૂધી વગેરેમાં મહેનત ઓછી, વટાણા આદિમાં છોલવા વગેરેની મહેનત ઘણી વધારે... એટલે દૂધી વગેરે શાકમાં ઓછી બહેનો પણ બધી જયણા સાચવી શકે.

(૮) આ જયણામંડળ પ્રોફેશનલ નથી, પૈસા કમાવા માટે નથી, પણ આવું ઉત્તમ કામ કરનારા બહેનોનું સારી રીતે બહુમાન થવું જ જોઈએ. મને એમ લાગે છે કે મોટા પ્રસંગો ાં દરેક દરેક બહેનોને ઓછામાં ઓછી ૧૦૦ રૂા. ની પ્રભાવના આપવી જોઈએ. તેઓ પોતાના સમયનો ભોગ આપે છે, તો એમની અનુમોદના રૂપે આટલું તો હોવું જ જોઈએ.

અરે, તેઓ ૧ ઈયળ પણ બચાવે, તો એની કિંમત કેટલી ? એ વિચારજો.

શ્રીસંઘ રસોઈયાઓને કે કામવાળીઓને પગાર પેટે રકમ ચુકવવા તૈયાર હોય જ છે, કારણ કે ત્યાં તો એના વિના ચાલવાનું નથી. પરંતુ અહીં શ્રાવિકા બહેનોને પ્રભાવના રૂપે આપવાનું આવે, ત્યારે જો સંકોચ કરે તો એ ઉચિત નથી લાગતું.

(૯) જો જયણામંડળના બહેનોને અનુકૂળતા રહેતી હોય, તો તેઓ બધે જાહેરાત પણ આપી શકે કે 'કોઈપણ ગૃહસ્થના વ્યક્તિગત ધાર્મિકપ્રસંગના રસોડામાં પણ અમે જયણાનું કામ સંભાળશું.' પણ આ જયણામંડળને કોઈ સાવ નવરું-મફતનું ન સમજી બેસે, એ માટે એટલું તો કરવું જ કે એનો ચોક્કસ નકરો રાખવો અને જાહેર કરવું કે 'આ નકરો જયણામંડળના બહેનોને પ્રભાવના રૂપે અને જયણાના સાધનો લાવવા રૂપે વપરાશે.'

(૧૦) ગળણીઓ-ચારણા-પુંજણી વગેરે વગેરે ઘણી બધી જયણાની આઈટમો છે. બહેનોએ એ ખરીદવી જ પડે, જ્યાં જ્યાં જરુર હોય, ત્યાં ત્યાં મંડળ તરફથી મૂકી જ દેવી. નકરાના પૈસાનો ઉપયોગ આ બધા કાર્યમાં પણ થઈ શકે.

(૧૧) અત્યારે સંઘે સંઘે ભગવાન વગેરેના નામથી યુવકમંડળો સ્થપાયેલા છે અને સ્થપાય છે. તો એ જ રીતે હવે સંઘે સંઘે **મલ્લિ પ્રભુના** નામથી કે પછી મહાસતીઓના નામથી યુવતીઓમાં પણ આવા જયણા મંડળો બની શકે છે. એ બધાને શરૂઆતમાં કામ જ ગમશે. એટલે એમને કામ આપવું જ પડશે. એમાં એમને મજા પણ આવશે.

બસ, સામાન્યથી આ ૧૧ મુદ્દાઓ ધ્યાનમાં રાખીને જો અમલ કરવામાં આવે તો સંઘમાં થતા મીઠા રસોડાઓનું સમાધાન તો થઈ જ જાય.

(૧૨) કેટલાંક સંઘોમાં સામૂહિક વર્ષી તપ કરાવાતો હોય છે. લોકો ૧ વર્ષ સુધી સરસ આરાધના કરે છે, એ સારું ! પણ જો કોન્ટ્રાક્ટ આપી દેવાતો હોય અને વહેલી સવારે અંધારામાં જ અજયણાઓનો ઢગલો થતો હોય, તો આવા અનુષ્ઠાન માટે નક્કર વિચાર કરવો જોઈએ. કોઈપણ ધર્માનુષ્ઠાન એકંદરે લાભકારી છે, એટલે અનુષ્ઠાન બંધ કરવાની વાત શરૂઆતમાં નથી જ કરવી, પણ એનો મતલબ એ પણ નથી કે હદ વિનાની અવિધિઓ ચલાવ્યા જ કરવાની. જેઓ વિધિ જાણવા છતાં યોગ્ય સ્થાને વિધિ ન બતાવે, પ્રરૂપણ ન કરે એ દોષના ભાગીદાર બનવાના જ.

મહોપાધ્યાયજીએ અધ્યાત્મસારમાં કહ્યું છે કે

विधिकथनं विधिरागो विधिमार्गस्थापनं विधीच्छूनाम् ।
अविधिनिषेधश्चेति प्रवचनभक्तिः प्रसिद्धा नः ।।

(૧) વિધિકથન (૨) વિધિરાગ (૩) વિધિની ઈચ્છાવાળાઓને વિધિમાં સ્થાપવા (૪) અવિધિનો નિષેધ આ અમારી પ્રવચનભક્તિ પ્રસિદ્ધ છે.

આનો મતલબ એ કે જેઓમાં આ ચાર નથી, તેઓમાં શાસનભક્તિ નથી, જેઓમાં આ ચારની ખામી, તેઓમાં શાસનભક્તિની ખામી...

**હવે વિચારીએ તીર્થમાં થતા ચોમાસાના રસોડાઓ + છ'રી પાલિત સંઘોના રસોડાઓ + ઉપધાનના રસોડાઓ...**

આ બધા રસોડા કંઈ કોઈ સંઘમાં નથી, એટલે ત્યાં તો જયણામંડળના બહેનો શી રીતે કામ કરવાના ?

આના માટે નીચેની બાબતો સમાધાન રૂપે વિચારી શકાય.

(૧) ઘણે બધે ઠેકાણે જયણામંડળો સ્થપાયા હોય, તો એમાંથી અમુક અમુક જયણામંડળને જો અનુકૂળતા હોય, તો એમને ઉપધાનાદિમાં બોલાવી શકાય. તેઓ ૪૧ દિવસ ત્યાં જ રહીને સેવા આપે.

(૨) ધારો કે કોઈ એકાદ મંડળ માટે એ શક્ય ન હોય, તો જુદા જુદા મંડળો પાંચ-સાત, પાંચ-સાત દિવસ સેવા આપે... એ રીતે ઉપધાન થાય.

(૩) ચોમા । વગેરેમાં તીર્થોમાં તે તે યુવાનો સેવા આપતા જ હોય છે, વચ્ચે વચ્ચે જરૂર પડે, ત્યારે ઘરે જઈ આવતા હોય છે. એવું જ આ જયણામંડળના બહેનો માટે પણ શક્ય બને.

(૪) ઉપધાનમાં તો બધા પૌષધમાં હોય, પણ તીર્થોમાં થતા ચાતુર્માસમાં તો બધા પૌષધમાં નથી હોતા. એટલે ત્યાં તો આરાધક બહેનોને પ્રેરણા કરીને એમને પણ આ કામમાં જોડી શકાય. એમને સ્પષ્ટ સમજાવાય કે 'સામાયિક જેમ વિરતિ છે, તેમ ભોજનસામગ્રીમાં પૂરેપૂરી જયણાનું પાલન પણ એક સુંદર મઝાની વિરતિ જ છે.'

ફરી યાદ કરો, ચતુર્વિધ સંઘના મોઢામાં મરેલી ઈયળો, મરેલી જીવાતો જાય... એ બેઈન્દ્રિય માંસાહારી બને... એ કેટલું ભયંકર !

(૫) જ્યાં આવી રીતે શ્રાવિકા બહેનો દ્વારા કરાવવું શક્ય ન જ બને, ત્યાં કામવાળા બહેનોને કહેવાનું કે "૧ જીવાત દીઠ ૫/૧૦ રૂા. ની પ્રભાવના." એમાં ધારો કે ૧૦૦૦ જીવાત નીકળે અને ૧૦,૦૦૦ રૂા. પ્રભાવનાના આપવા પડે, તો પણ એ યોગ્ય જ છે. એ બહેનોને પૈસા તો જોઈએ જ છે. એટલે આવી જાહેરાત બાદ તો એકદમ સારી રીતે જયણા પાળશે. ભલે, એમને માટે એ ધર્મ ન પણ બને, પરંતુ આપણા પરિણામ તો જયણાના હોવાથી આપણા માટે એ સુંદર મજાનો ધર્મ બની રહેશે.

(૬) લોકો આજના મોલમાં જાય છે, ઘણી આઈટમો જુએ છે, મુંઝાય છે. જરૂરિયાત કરતા વધારે ખરીદી કરી લે છે, સરવાળે ખર્ચો વધારે થવાથી હેરાન થાય છે. આવું જ બને છે આ ઉપધાનાદિના રસોડાઓમાં પણ ! ચિક્કાર આઈટમો જોઈ તપસ્વી-આરાધક મુંઝાય 'આ વાપરું કે તે વાપરું ?' એવા વિચારોમાં ચડે, પછી કાચર-કુચર ખાઈને પેટ ભરી લે, તબિયત બગડે. પછીના ઉપવાસાદિ અઘરા પડે... આવું સંભવિત ખરું.

આપણે આ મોલ જેવું વાતાવરણ શા માટે ઉ(ં કર ? હા ! આવા ઉપધાનાદિના રસોડામાં માત્ર ૧૦ જ આઈટમથી ચલાવી લેવું એમ પણ નથી કહેતો. કારણ કે ઘણા નવા આરાધકો હોય, ઉપવાસ વગેરે કરવાના હોય, બધાની રૂચિ સરખી ન હોય, એટલે જો અલગ અલગ વસ્તુઓ મળે, તો જ... શાંતિથી વાપરી શકે.

પણ આમાં વિવેક જોઈએ, જેમ ૧૦-૧૨ નહિ, તેમ ૩૫-૪૦ પણ નહિ. કડક નિયમ ૧ આંકડો નક્કી કરો. દા.ત. ૨૦. તો ૨૦ જ વસ્તુ બનાવવાની. એમાં સુંઠની ગોળી પણ આવી જાય. જે આવું થશે, તો જયણા પળાશે, વિરાધના ઘટશે.

(૭) જેટલી વસ્તુ વધારે, એટલા વાસણો વધારે જ જોઈશે ને ! એટલે જ એને ધોવામાં પણ વિરાધના વધવાની. ખીચડીઘરમાં માત્ર ખીચડી બનાવવાની હોય છે, તો ૫૦૦ જણની બનાવે, તો ય ધોવાના વાસણો તો ઓછા જ ને !

આ બધું શાંતિથી વિચારવું.

આ સિવાય પણ તમને કોઈને પણ કોઈપણ નવા ઉપાયો સુઝે, તો ચોક્કસ રજૂ કરવા અને અમલ કરવો.

ભાવના માત્ર એટલી જ કે બધાના મનમાં એટલો ભાવ દઢ થવો જોઈએ કે "આપણે શક્ય એટલી વધુમાં વધુ જયણા પાળવી જ છે." તો જ બધું શક્ય બનશે.

## શું આ ઉપાયોનું પાલન શક્ય છે ?

આ પ્રશ્નનો જવાબ છે હા ! કારણ કે આ કાર્ય ચાલુ થઈ ગયું છે.

(૧) પૂ.સા.ભ. વાત્સલ્યનિધિશ્રીજીએ શ્રીલક્ષ્મીવર્ધક જૈનસંઘમાં ૯૦ બહેનોના જયણામંડળની સ્થાપના કરેલી. એમાં તો બહેનોને પ્રભાવના આપવાને બદલે બહેનો પાસેથી પ્રભાવના લેવાની ગોઠવણ કરી છે. એ ૯૦ બહેનો પોતાના વારાના દિવસે ત્યાં જયણામંડળની પેટીમાં ૧૦ રૂા. નાંખે. આ રીતે મહિનાના ૯૦૦ અને વર્ષના ૧૦,૦૦૦ રૂા. ભેગા થાય છે. એ પૈસાનો ઉપયોગ જીવદયા માટેના સાધનો લાવવામાં તેઓ કરે ‘

(૨) સુરતમાં શ્રીધાનેરાસમાજના બહેનોનું આવું જયણામંડળ સ્થપાયું છે. માત્ર વીસેક બહેનો પણ ઉમરા આદિ તે તે સંઘોમાં મોટા ોટા જમણવારોની જયણા સંભાળી ચૂક્યા છે.

(૩) સુરતમાં પૂ.સા.ભ. શીલદર્શનાશ્રીજીએ અઠવાલાઈન્સ સંઘમાં આંબિલ ખાતા માટેના જયણા મંડળની સ્થાપના કરી છે. ત્યાં ૩૬૦ દિવસ ઘણી સારી સંખ્યામાં આંબિલ થાય છે. ચૈત્ર-આસોમાં ૬૦૦ જેટલી ઓળીઓ થાય છે. ત્યાંના ટ્રસ્ટી + સક્રિય કાર્યકર્તા શ્રીસુનીલભાઈનો સંપૂર્ણ સહકાર ! અરે, જયણામંડળના બહેનોની મીટીંગમાં તેઓ હાજર રહ્યા અને શ્રીસંઘના ખર્ચે તમામ બહેનો માટે અલ્પાહારની વ્યવસ્થા પણ ગોઠવી દીધી.

(૪) આ વર્ષની આસો ઓળીમાં અડાજણ રાંદેર રોડ સુર઼ સંઘના વિરાટ આંબિલખાતા માટે પૂ.આ.ભ. મુક્તિ-મુનિચન્દ્રસૂરિજી મ.ની પ્રેરણાથી - માર્ગદર્શનથી કુલ ૨૦૦ બહેનો આ જયણામંડળમાં જોડાયા છે. પૂ.સા.ભ. લલિતગુણાશ્રીજી અને પૂ.સા.ભ. રક્ષિતગુણાશ્રીજી એ પણ જયણામંડળની સ્થાપના કરી છે. ત્યાંના અન્નદાતા ગણાતા

સુ. ભભૂતમલજીએ શ્રાવિકા બહેનોને જબરદસ્ત સહકાર આપ્યો છે, સત્તા સોપી છે.

(૫) શ્રી ઉમરાસંઘ ખાતે પણ સુ. તરુણાબહેનના નેતૃત્વ નીચે જયણામંડળ સ્થપાયું છે.

આ લખું છું, ત્યારે આ પાંચ જયણામંડળનો મને ખ્યાલ છે.

શક્ય છે કે બીજે બધે પણ સ્થપાયા હોય,

શક્ય છે કે આ સ્થપાયેલા મંડળો કાળ જતા ઉત્સાહહીન પણ બન્યા હોય.

શક્ય છે કે આ જયણામંડળે વધુ ઉત્સાહી અને કાર્યદક્ષ પણ બન્યા હોય.

જો શ્રમણ-શ્રમણી ભગવંતો આ બાબતમાં ભાર મૂકે, લક્ષ્ય આપે તો આ વસ્તુ અશક્ય તો નથી જ.